


સમુદ્ર પ્રહરી..... એબીજી શીપ યાર્ડે બનાવેલ પોલ્યુશન કંટ્રોલ વેસલ સમુદ્ર પ્રહરી જહાજ ઇન્ડીયન કોસ્ટ ગાર્ડને અર્પણવિધિ યોજાઇ હતી. (તસ્વીરઃ દિલીપ રામશા)

# ભારતીય તટરક્ષક દળમાં હવે 'સમુદ્રપ્રહરી'નો ઉમેરો

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

પોલ્યુશન કંટ્રોલ વેસલ 'સમુદ્ર પ્રહરી'નું આજનું લોન્ચીંગ ઇન્ડિયન કોસ્ટગાર્ડ માટે એક અભૂતપૂર્વ પળ છે. આ વેસલ કોસ્ટગાર્ડ માટે તેમજ દરિયાઇ જીવોની રક્ષા માટે અત્યંત ઉપકારક બની રહેશે એમ ઇન્ડિયન કોસ્ટગાર્ડના વાઇસ એડમીરલ શ્રી આર.એફ. કોન્ટ્રાકટરે આજે સુરતના મગદલ્લા બંદર સ્થિત એબીજી શીપયાર્ડ ખાતેના એક સમારોહમાં જણાવ્યું હતું.

ભારતીય તટરક્ષક દળ માટે રૂા. ૧૩૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ વેસલનું શ્રીમતી પ્રિટી આર. કોન્ટ્રાકટરે મગદલ્લા બંદરે લોન્ચીંગ કર્યું હતું. એબીજી શીપયાર્ડના એમ.ડી. શ્રી રીશી અગરવાલે કહ્યું કે, પોલ્યુશન કંટ્રોલ વેસલ 'સમુદ્ર પ્રહરી' દરિયાની સપાટી પરથી ઓઇલ ખેંચી લેવામાં પ્રતિકલાક ૩૦૦ ટનની ક્ષમતા ધરાવે છે. ૨૦.૫ નોટસની ઝડપે દોડતું 'સમુદ્ર પ્રહરી' ઇન્ડિયન કોસ્ટગાર્ડ માટે પેટ્રોલીંગ માટે તેમજ અન્ય ફરજો માટે પણ ઉપયોગી બનશે. કારણ કે, અહી ચેતક, એએલએચ અને સી.કિંગ હેલીકોપ્ટર ઉતારી શકાશે. તેમણે ઉમેર્યું કે 'સમુદ્ર પ્રહરી' રોલ્સ રોયસ મરીન ડિઝાઇનની છે અને મોટા ભાગની મશીનરી પણ ત્યાંથી જ મંગાવવામાં આવી છે. જેથી કોસ્ટગાર્ડ માટે આ વેસલ એક હાઇટેક જહાજ બની રહેશે.

નોંધનીય છે કે, દરિયામાંથી ઓઇલ રિકવર કરતું આ વેસલ સમગ્ર એશિયામાં સૌપ્રથમવાર સુરતના મગદલ્લા સ્થિત એબીજી શીપયાર્ડે તૈયાર કર્યું છે. કોસ્ટગાર્ડ માટે બે વેસલનું નિર્માણ અહી ચાલી રહ્યું છે. જે ટૂંક સમયમાં કોસ્ટગાર્ડને આપવામાં આવશે એમ ગર્વની લાગણી સાથે શ્રી અગરવાલે કહ્યું હતું. એબીજી શીપયાર્ડે ૧૯૯૦થી અત્યારપર્યંત જુદા જુદા પ્રકારના ૯૫ જહાજો દેશ-વિદેશના ગ્રાહકો માટે તૈયાર કર્યા છે. કંપની દ્વારા જહાજો ઉપરાંત બલ્ક કેરીયર, ડેકબાર્જ, ઇન્ટરસેપ્ટર બોટ, એંકર હેન્ડલીંગ સપ્લાય શીપ વગેરે પણ તૈયાર કરાય છે. 'સમુદ્ર પ્રહરી'ના લોન્ચીંગ પ્રસંગે સેન્ટ્રલ એકસાઇઝ એન્ડ કસ્ટમ્સ કમિશનર શ્રી રાકેશ મિશ્રા, પો.કમિ. શ્રી બ્રાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.